


## સલામી સવારની..

*હાઈવેમાં સીધો-સરળ આ બાયપાસ છે!*
*નિરોગી-નિયમિતતામાં આ બાયપાસ છે!*
*સ્વચ્છ જિંદગી શ્વાસનો આ બાયપાસ છે*
*જન્મથી મરણના માર્ગનો આ બાયપાસ છે.*

હાઈકુ

*ખાડા-ખૈયાનો*
*કંટાળા ભર્યો 'ટાળો'*
*થાકે સફર*
*(આ અબ લૌટ ચલે!)*

*સેતુ બાંધવા*
*જીવનમાં જરુરી*
*છે બાયપાસ*
*(ભક્તિ માર્ગનો હાઈવે)*
*પર ડાયવર્ઝન*

## ચિંતન

**શાસ્ત્રપ્રધાના લોકવૃત્તિ : ॥**

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

લોકાચાર શાસ્ત્રો પર આધારિત છે.

શાસ્ત્રો આધારે જ આચારસંહિતા ઘડાયેલી છે. આથી, માણસે સ્વછંદ આચરણ કરી જીવનને દુઃખી ના બનાવવું જોઈએ. પણ શાસ્ત્રો એ પ્રબોધેલ આચારસંહિતાનું અનુસરણ કરી જીવન સુખી બનાવવું જોઈએ.

જેમ નાગરિક જીવન જીવવા માટે અને સમાજશાસ્ત્ર - ને વ્યવસ્થિત ચલાવવા માટે 'બંધારણ' અને એના પર આધારિત 'કાયદા' બને છે. એ કાયદાનું અર્થઘટન - પાલન ન્યાય કોર્ટ કરાવે છે - તેમ સામાજિક વ્યવહાર-પરંપરાઓ-લોકાચાર પણ શાસ્ત્રો-પુરાણો આધારિત છે. એ ઋષિમુનિઓની બંધારણ સભા એ ધકેલી 'આચાર સંહિતા' જ છે; એ નિયમો-સત્યનિષ્ઠા-મૂલ્યો અને સિદ્ધાંતોના કાયદા છે અને 'ધર્મ'ની ન્યાયકોર્ટ એનો ન્યાય કરે છે.

## સુવિચાર

- કોઈને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સલાહ આપવી હોય તો આટલું જ કહેવું : 'ઉદાર બનો' - **ડો. પ્રકાશ ગજ્જર**
- સામાન્ય રીતે ઉદાર-સ્વભાવી વ્યક્તિઓને માનસિક સમસ્યાઓ ઓછી નડતી હોય છે - **અખંડ આનંદ**
- ગુસ્સાનો આવેગ જેટલો લાંબો ચાલ્યો હોય, એટલું જ શાંત થવાનું મુશ્કેલ - **જ્ઞાનબિંદુ**
- પોતાની જાતને કેન્દ્રમાં રાખીને જીવવાથી દુઃખી જ થવાય - **મુંબઈ સમાચાર**
- માણસમાં જેટલી વધારે ઉણપો એટલો એ બીજાના ઉપકાર વધારે આરોપ મુકવાનો - **ભૂપત વડોદરિયા**
- માફ કરવાનું અને ભૂલી જવાનું બેવ સાથે સંભવ ના હોય,
  તો માફ કરીને આગળ વધવું સલાહ ભર્યું છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- ધિક્કાર એસિડ જેવો છે. એ જયાં હોય એને દઝાડે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : દાંતના સડામાં કમળનું મૂળ ચાવવાથી ફાયદો થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

શેઠ, માલિક, સરકારની જવાબદારી માત્ર પોતાના કર્મચારીને જ સાચવવાની નથી પણ પોતાનો કર્મચારી ઘરના વાતાવરણમાં પણ 'આનંદ'થી રહી શકે તે જોવાની પણ જવાબદારી એમની હોય છે. આજના 'અંસતોષ' પાછળ આ પણ એક કારણ છે. ડૉ. કલામ ત્યારે 'ઈસરો'માં વૈજ્ઞાનિક હતા. તેઓશ્રી તેમનાં મદદનીશને પોતાની ગાડીમાં 'લીફટ' આપી લઈ જવા એને ઘેર ગયા હતા - મદદનીશ જતાં જતાં એની પત્નીને કહેતો હતો. સાંજે તૈયાર રહેજે હું આજે પાંચ વાગે વહેલો આવી જઈશ અને આપણે પ્રદર્શનમાં જશું.

મદદનીશ ઈસરોમાં જઈ કામે લાગ્યો - અગત્યના કામમાં સમયનું ભાન ન રહ્યું - સાંજે સાત વાગી ગયા - ઘરે જતાં મૂંઝવણ થઈ - પોતે આપેલું પ્રોમીસ યાદ આવ્યું - પત્ની-બાળકો 'નારાજ' હશે એની ચિંતામાં શું જવાબ આપવો એ વિચારતો હતો. ... પણ ઘરે જઈ જોયું વાતાવરણ પ્રફૂલ્લિત હતું. પત્ની-બાળકો ખૂશ હતાં. પતિને આશ્ચર્ય થયું - ત્યાં જ પત્ની બોલી - તમને સવારે જે સાહેબ ગાડીથી લેવા આવ્યા હતા એ કેટલા સજ્જન અને લાગણીશીલ છે નહીં! સાંજે પોતે જાતે ગાડી લઈ આવ્યા અને અમને પ્રદર્શનમાં ફેરવી ઘેર પણ મૂકી ગયા - એમને કહ્યું તમને કોઈ અર્જન્ટ કામ આવી પડ્યું છે. કલામ સાહેબને, મદદનીશ પત્નીએ આપેલું વચન યાદ હતું - અને તેના વતી એમને જ ફરજ બજાવી.

# કાર્યદક્ષતાનો સરકારી સરપાવ

કયારેક એક કોંગ્રેસી સરકાર હતી જેના વડાએ રિઝર્વ બેંકના બે નિવૃત્ત ગવર્નરોને પત્ર પાઠવી સરકારમાં નાણામંત્રીનો હોદ્દો સંભાળ્યાની ઑફર કરી હતી. ગુજરાતી ચરોતર પાટીદાર આઈ.જી. પટેલે પોતે વિદ્યાનગર ખાતે નિવૃત્તકાળ ગાળવા માગતા હોવાનું જણાવી એ ઑફર નકારી કાઢી હતી જયારે દિલ્હીમાં જ વસતાં ડૉ. મનમોહનસિંહે પોતાના કામકાજમાં સરકારી દખલગીરી ન થાય એ શરતે નાણાં મંત્રીપદ સ્વીકાર્યું હતું. દૂરંદેશી તો નરસિંહરાવની જ. એમણે પરંપરાગત બંધિયાર નાણાંનીતિને વૈશ્વિક બજારને અનુરુપ ખુલ્લી મોકળાશ આપનારા મનમોહનસિંહને કયારેય ટપાર્યા નહીં, બલકે છૂટો દોર આપી દીધો. પરિણામે ડગમગતું અર્થતંત્ર સ્થિર થયું એટલું જ નહીં, દેશ દુનિયાની મોટી અર્થસત્તાઓની બરોબરી કરવા લાગ્યો. એ જ મનમોહનસિંહ પાછળથી બે સત્રો માટે વડાપ્રધાન બન્યા. એમની સૂઝબૂઝનું જ પરિણામ છે કે વિશ્વ મંદીના સપાટામાં હતું ત્યારે ભારત મક્કમ ગતિએ આગળ વધતું રહ્યું. વર્તમાન રિઝર્વ બેંકના ગર્વનર રઘુરામ રાજન પણ મનમોહન સરકારની જ શોધ છે. પરંતુ એ જ બાબત વર્તમાન કેન્દ્ર સરકાર માટે ગળાફાંસ બની ગઈ હતી. મોદીરાજ સ્થપાતાંની સાથે દરેક સરકારી પ્રતિષ્ઠાનોમાંથી કોંગ્રસી (યુપીએ) સરકાર દ્વારા નિયુક્ત હોદ્દેદારોને વહેલી તકે વિદાય કરવાની કૂટનીતિ અખત્યાર કરાઈ પરંતુ રાજનને

**તંત્રીસ્થાનેથી...**

આંગળી અડાડતાં ખુદ મોદી દાઝે એમ હતા કારણ કે એમની અર્થનીતિ દેશનાં મોટા ઉદ્યોગગૃહોને અનુકૂળ હતી બલકે મોદીરાજનાં પહેલાં બે વર્ષ દરમિયાન જે ફુગાવો અંકુશમાં રહ્યો અને ગ્રોથ રેટ સુધરતો ગયો એમાં રાજનનો સિંહફાળો રહ્યો છે. પરંતુ સુબ્રણ્યમ સ્વામી જેવા સાથીએ રાજન વિરુદ્ધ અભિયાન જ છેડી દીધું તે ત્યાં સુધી કે એમને ભારતીય નાગરિક સુધ્ધાં માનવાનો ઈનકાર કરી દીધો. સ્વામીએ રાજનને લઘુઉદ્યોગના દુશ્મન ગણાવ્યા અને મોદી પર પત્રો પાઠવી એમની તાકીદે હકાલપટ્ટી કરાવાનો હઠાગ્રહ રાખ્યો. જેટલી સામે પણ સ્વામીને એટલો જ મોટો વાંધો છે, પરંતુ ભાજપ પાસે જેટલીની કક્ષાનો બીજો કોઈ વિચક્ષણ નેતા જ નથી જેને નાણાખાતું સોંપી શકાય. આખરે મોદી અને જેટલીએ રઘુરામ રાજનને વધુ એક ટર્મ આપવાનો ઈરાદો બદલવો પડ્યો છે, જેના સંકેતો પાઠવી દેવાતાં અર્થશાસ્ત્રી અને ઈન્ટરનેશનલ બેન્કર રાજને સામે ચાલીને રિઝર્વ બેન્કના સ્ટાફને પોતે સપ્ટેમ્બરમાં નિવૃત્ત થયા પછી ફરી પાછા પોતાના એકેડેમિક ફિલ્ડમાં સક્રિય થવાનો ઈરાદો દર્શાવ્યો છે. ઈન્ફોસીસના વડાએ થોડાક જ દિવસ પહેલાં રાજનને વધુ બે ટર્મ આપવી જોઈએ એવું નિવેદન કર્યું હતું. તેઓ ભારતીય અર્થકારણને પકડારભરી સ્થિતિમાં પણ સફળતાપૂર્વક આગળ લઈ ગયા હોવાનું બધા જ સ્વીકારે છે.

# બંધારણની કલમ ૧૦૨(૧) અને ૧૯૧(૧) મુજબ ધારાસભ્યોને સરકારી હોદ્દા સ્વીકારતા અટકાવાયા છે

ભારતના બંધારણમાં રાજયસભા માટેના નિયમો ઘડવામાં આવ્યા છે. ઓફિસ ઓફ પ્રોફીટનો મુળ વિચાર ઈગ્લેન્ડમાં ઉદ્દભવેલો જેનો મુળ ઉદ્દેશ વિધાનસભાના સ્વાતંત્ર્યને યથાવત રાખવાનો છે. જેથી વિધાનસભાના સભ્યોને તેની ફરજમાં વિરોધ પક્ષ દ્વારા લોભ-લાલચ આપી શકે નહિ. આ ઉપરાંત લેજીસ્ટ્રેટીવ જયુડીશીયરી અને એકઝીકયુટીવ વચ્ચે સત્તાની વહેચણીના સિધ્ધાંતના અમલીકરણનો ઉદ્દેશ રહેલો છે.


ભારતીય બંધારણમાં ઓફિસ ઓફ પ્રોફીટની વ્યાખ્યા કરવામાં આવી છે. જે મુજબ બંધારણની કલમ ૧૦૨(૧) મુજબ સંસદ સભ્ય તરીકે ગેરલાયકાતો નક્કી કરવામાં આવી છે. નફાનો હોદ્દો ધારણ કરનાર વ્યક્તિ સંસદ સભ્ય તરીકે લાયક ગણી શકાય નહી જો કે નફાની વ્યાખ્યા ભારતીય બંધારણમાં સ્પષ્ટ કરવામાં આવી નથી તેમજ પુરતી જાહેર નહી થયેલ નાદાર વ્યક્તિ પણ સંસદ સભ્ય તરીકે ગેરલાયક બને છે. વિજય માલ્યા પોતે ભાગેડુ તથા નાદાર હોય ગેરલાયક ઠરવાના હતા તેનો તેમને પ્રથમથી જ ખ્યાલ આવતા સ્વેચ્છાએ રાજીનામું આપી સરકારને ગેરલાયક ઠરાવવાનો કોઈ ચાન્સ આપેલ નથી તેમજ ભારતીય નાગરિક ના હોય તે પણ સ્વેચ્છાએ ભારતના નાગરિકતાનો ત્યાગ કરીને અન્ય વિદેશી નાગરિત્વ ધરાવતો હોય તો પણ સંસદ સભ્ય તરીકે ગેરલાયક ઠરે છે.

ભારતીય બંધારણના પર માં સુધારાથી બંધારણની કલમ ૧૦૨(૧) માં પક્ષોત્તર ગેરલાયકાતને પણ ઉમેરવામાં આવેલ છે એટલે કે પક્ષાંતર કરનાર સભ્ય પણ સંસદ સભ્ય તરીકે ગેરલાયક ઠરે છે તેમજ પક્ષના આદેશ વિરૂધ્ધ ગૃહમાં મતદાન કરે તો પણ વિટો પાવરનો દુરઉપયોગ ગણી ગેરલાયક ગણવામાં આવે છે. તાજેતરમાં ઉત્તરાંચલની ઘટના તેનું તાજુ ઉદાહરણ છે પરંતુ પક્ષની પૂર્વ મંજુરીથી વિરૂધ્ધ મતદાન કરનાર સભ્ય ગેરલાયક ઠરતો નથી આવા બનાવો ભારતીય સંસદમાં અગાઉ કયારેય બનેલ નથી.

અપક્ષ ઉમેદવાર ચૂંટાયા પછી પણ કોઈ રાજકીય પક્ષમાં જોડાય તો પણ ગેરલાયક ઠરે છે પરંતુ એક રાજકીય પક્ષના સભ્યો બીજા રાજકીય પક્ષમાં જોડાય અને બહુમતી ધરાવે તો ગેરલાયક ઠરતા નથી. પક્ષાંતર મુદ્દે ગેરલાયક ઠરાવવાનો નિર્ણય ગૃહના અધ્યક્ષ કે રાજય સભાના અધ્યક્ષ નક્કી કરે છે.

તે જ રીતે ભારતીય બંધારણની કલમ ૧૯૧ મુજબ ભારત સરકાર કે રાજય સરકાર હેઠળ નફાનો હોદ્દો ધારણ કરી રહેતા હોય તેવા સભ્ય તથા અસ્થિર મગજના સભ્ય, જેલમાંથી મુકત થયેલ ના હોય તેવા સભ્ય અથવા કોઈ કાયદા હેઠળ સજા પામેલ સભ્ય સંસદ સભ્ય તરીકે ગેરલાયક ઠરે છે. સજા પામેલ સભ્ય પાંચ વર્ષ સુધી ચુંટણી લડવા ગેરલાયક ઠરે છે. લાલુપ્રસાદ યાદવ તેનું ઉદાહરણ છે. બંધારણની કલમ ૧૯૨ મુજબ ગૃહના સભ્યને ગેરલાયક ઠરાવવાની સત્તા રાજયપાલને છે પરંતુ તેઓ નિર્ણય કરતા પહેલા ભારતીય ચૂંટણી પંચનો અભિપ્રાય મેળવે છે ત્યારબાદ પોતાનો નિર્ણય જાહેર કરે છે.

તાજેતરમાં આપ પાર્ટીના ૨૧ સભ્યોને લાભ હોદ્દો ગેરકાયદેસર ઠરતા ૨૧ સભ્યો સંસદીય સભ્ય તરીકે ગેરલાયક ઠરવાના બનાવને લઈ ભારે રાજકીય ઉત્તેજનાનો માહોલ દિલ્હીમાં જોવા મળેલ છે. ચૂંટાયેલા સભ્યો પૈકી કોઈ એક પાર્ટીના ૧૦ ટકા સભ્યોને જ લાભ હોદ્દા આપી શકાય પરંતુ કેજરીવાલ સરકારે ૬૭ માંથી ૨૧ ને સંસદીય સચિવ બનાવી પ્રધાન જેટલા હક્કો અને ફેસેલીટી આપતા બંધારણ મુજબ રાજયપાલે આવા ખર્ચ ના મંજુર કરતા રાષ્ટ્રપતિને બીલ મોકલવામાં આવતા તેમણે પણ મંજુર ના કરતા હાલ ૨૧ સભ્યોનું ભવિષ્ય અધ્ધરતાલ છે. દિલ્હીમાં રાજયપાલએ કેન્દ્રના છે અને તે કેન્દ્ર સરકારના ઈશારે કામ કરે છે તે સ્પષ્ટ છે તેથી મોદી સરકાર આવી રાજકીય તક જવાદે એમ નથી જો આપના ૨૧ સભ્યો ગેરલાયક ઠરે તો ૨૧ સભ્યોની ચૂંટણી આપવી પડે તેની સીધી અસર આપ સરકારને થાય.




દિલ્હી મેમ્બર્સ ઓફ લેજીસ્ટ્રીટવ એસેમ્બલી એમેન્ડમેન બિલ ૨૦૧૫ સંશોધન વગર કે સંશોધન સાથે ફરી રાષ્ટ્રપતિને મોકલી શકાય છે પરંતુ આપ પાર્ટીની તરફેણમાં નિર્ણય આવે તેવા ચાન્સ બહુ જ ઓછા છે. હાલમાં આવી જ પરિસ્થિતિ નાગાલેન્ડ અને પંજાબમાં છે તેમાં ૨૪ સભ્યો સંસદીય સચિવ છે. હિમાચલ પ્રદેશમાં ૬, રાજસ્થાનમાં ૫, હરિયાણા, પોન્ડીચરી તથા પશ્ચિમ બંગાળમાં પણ સંસદીય સચિવોની નિમણુંક પક્ષના સભ્યોને સાચવવા જે તે સરકારે કરેલ છે પરંતુ ત્યાં રાજયપાલની મંજુરી બાદ જ સંસદીય સચિવ તરીકે નિમણુંક આપેલ હોય વિવાદ નથી પરંતુ દિલ્હીની આપ સરકારને કેન્દ્રની ભાજપા સરકાર આવી મંજુરી રાજકીય રીતે પણ આપે નહિ તેમજ ૨૧ સભ્યોને ગેરલાયક ઠરાવવાની કોઈ તક જતી ના કરે તે સ્વાભાવિક છે દિલ્હીના રાજયપાલ અને કેજરીવાલ વચ્ચે વિવાદો જગ જાહેર છે.

કેજરીવાલ સરકારે સંસદીય સચિવને મળતી લાલ બત્તીવાળી કાર તથા ભાડા, ભથ્થા ચુકવ્યા નથી તેથી અયોગ્ય ના ઠરે પરંતુ બંધારણની કલમ ૧૦૨(૧) તથા ૧૯૧ મુજબ લાભના હોદ્દા લેવા એજ પૂરતું કારણ છે. જોવાનું એ રહે છે કે ઓફિસ ઓફ પ્રોફીટ એ કોને રાજકીય નફો કરાવે છે કે બંધારણીય બાબતનો લાભ સુપ્રીમ કોર્ટ આપ પાર્ટીને આપે છે કે કેમ?

# દારૂબંધીનો ઘૂમટો તાણવામાં શાસકોની દ્વિધા

મહાત્મા ગાંધીથી સોનિયા ગાંધી સુધીનાની કોંગ્રેસમાં ભારતીય બંધારણના માર્ગદર્શક નિર્દેશ મુજબ નશાબંધીને લાગુ કરવાના આદર્શને આદર અપાયેલો હોવા છતાં આદિવાસી પટ્ટામાં 'કોંગ્રેસમુક્ત ગુજરાત'ના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના અભિયાનમાં કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા વર્તમાન આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કાન્તિ ગામીત 'ઓછો નશો કરવાની' સ્વજનોને સલાહ આપવા માટે વિવાદમાં છે. ઉચ્છલ-નીઝરના વિધાનસભ્ય એવા ગામીત છોટાઉદેપુર જિલ્લાના અંતોલીમાં શાળાપ્રવેશોત્સવમાં બાળકો સમક્ષ દારૂ પીવાની વાતે વળી ગયા. ગુજરાતની મે ૧૯૬૦માં સ્થાપના થઈ ત્યારથી દારૂબંદી અમલમાં હોવા છતાં રાજ્યમાં દારૂની રેલમછેલની નવાઈ નથી, પણ ખુદ પ્રધાન ઊઠીને 'દારૂ સાવ જ બંધ કરો એવું નથી કહેતો, પણ માપમાં પીઓ' જેવી સલાહ આપે ત્યારે આદિજાતિ વિકાસ પ્રધાન મંગુભાઈ પટેલ જ નહીં, મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ પણ કાન્તિભાઈનો ઊઘડો લે એ સ્વાભાવિક છે.

ગુજરાતમાં ૬ કરોડની કુલ વસ્તીમાંથી ૯૦ લાખ જેટલા આદિવાસી હોવાને કારણે રાજકીય દૃષ્ટિએ, માથે વિધાનસભાની ચૂંટણી હોય ત્યારે, આદિવાસી આગેવાનોને સાચવી લેવાનું ગાંધીનગરના શાસકો માટે અનિવાર્ય બની જાય છે.રાજ્યની ૧૪.૭૫ ટકા વસ્તીને રાજીના રેડ કરવા માટે મુખ્યમંત્રી તરીકે મોદીએ વનબંધુ વિકાસ યોજનાનાં મોટાપાયે ઢોલ પીટ્યાં હતાં. આદિવાસી આસ્થાસ્થાન બિરસા મુંડાથી લઈને ગોવિંદ ગુરુને કેસરિયા રંગે રંગવાની ભરસક કોશિશ કરી હતી. હમણાં ગોધરામાં રાજ્ય સરકારે ગોવિંદ ગુરુ યુનિવર્સિટીનો શુભારંભ પણ કરાવ્યો છે. આટઆટલા ઉધામા અને પ્રભાવી આદિવાસી નેતાઓને આંતરીને ભગવા ખેસ પહેરાવાની કવાયતો છતાં ગુજરાતની આદિવાસી માટેની અનામત બેઠકોમાં હજુ બહુમતી બેઠકો કોંગ્રેસહસ્તક જ છે. એ કુલ ૨૭ અનામત બેઠકોમાંથી ૧૫(પંદર) પર કોંગ્રેસી ધારાસભ્યો છે એટલે કાન્તિભાઈને ઝાઝા ઘઘલાવવામાં એ સ્વગૃહે પાછા ફરી જવાનાં જોખમ પણ ખરાં,

રાજ્ય પ્રધાન ગામીત આદિવાસી વિસ્તારમાંથી એ જ સમાજમાંથી આવે છે. એમના કેબિનેટ પ્રધાન મંગુભાઈ પટેલ પણ આદિવાસી છે. આદિવાસી સમાજની પરંપરામાં જન્મથી લઈને મૃત્યુ લગીના પ્રસંગે દારૂ સાથે સંબંધ આવે છે. કાન્તિભાઈએ 'માપમાં પીવાની' સલાહ આપી એમાં કશું ખોટું નથી. હા, તેમણે શાળા પ્રવેશોત્સવમાં આવી વાત છેડવાની જરૂર નહોતી.હજુ થોડા દિવસ પહેલાં જ ગુજરાતના કેબિનેટ પ્રધાન અને ભાજપના પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણી દારૂબંધીને ગુજરાતી સંસ્કારી પ્રજાની અસ્મિતા લેખાવીને તેને હટાવવાનો પ્રશ્ન જ નહીં ઊડતો હોવાની વાત કરતા હતા, ત્યાં જ રાજ્ય પ્રધાન આદિવાસી વિસ્તારમાં અને એમાંય કોંગ્રેસના વરિષ્ઠ ધારાસભ્ય મોહનસિંહ રાઠવાના છોટાઉદેપુરના જ શાળાપ્રવેશોત્વમાં માપમાં પીવાની સલાહ આપતા ટીવી કેમેરે કંડારાયા. વિવાદ થવો સ્વાભાવિક હોવા છતાં હવે જેમ ચૂંટણીમાં ભ્રષ્ટાચાર એ મુદ્દો રહ્યો નથી, એમ દારૂબંધીનો છડેચોક ભંગ થતો હોવાથી એ પણ કાંઈ મુદ્દો રહ્યો નથી. દક્ષિણ ગુજરાતના તાપી જિલ્લાના કાન્તિ ગામીતે જે વિવાદ સર્જ્યો એના કારણે ગુજરાત સરકારની સત્તાવાર વેબસાઈટ પર નશાબંધી અમલીકરણની નીતિ અને એના પરિપત્રો વાંચવાનું અમે શરૂ કર્યું તો વધુ આઘાતજનક અનુભૂતિ થઈ. રાજ્યના પ્રધાન ગામીત દારૂ પીવાની પરંપરા ધરાવતા સમાજને નશાનું પ્રમાણ ઓછું કરવાનું કહી રહ્યા છે ત્યારે ગુજરાતમાં નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી તરીકે આવ્યા ત્યારથી લગાતાર દારૂબંધી હળવી કરવાના અને છૂટથી વિદેશી દારૂની પરમિટો 'દેશી લોકોને આરોગ્યના કારણોસર આપવા' ઉપરાંત વિદેશી મહેમાનોને દારૂની પરમિટ અને કૉન્ફરન્સો માટેની ગ્રુપ-પરમિટ તેમજ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (એસઈઝેડ)વાળાઓને લિકરકાર્ડ આપવાની ઉદારનીતિ અપનાવી હોવાનું અમારા ધ્યાને આવ્યું. ઓછામાં પૂરું તમને વિદેશી દારૂ ક્યાંથી મળે એવા રાજ્યભરના લોકોપયોગી પરવાનેદારોની યાદી અને સરનામાં પણ ગુજરાત સરકારની સત્તાવાર વેબસાઈટ પર ૯ જૂન ૨૦૧૬ના રોજ મૂકાયેલાં વાંચવા મળ્યાં હતાં.

બિચારા કાન્તિ ગામીતે કાંઈક કહ્યું, વાસ્તવમાં ઓછો નશો કરવાની વાત કરી, તો એમના પર આળ આવ્યું કે એમણે મહાત્મા ગાંધીના ગુજરાતને લજવ્યું, પણ પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ દારૂબંધીની નીતિના કડક અમલની કરેલી જોગવાઈને સ્વયં ગુજરાતની ભાજપ સરકાર પોતાના સત્તાવાર પરિપત્રોથી મોદીયુગમાં ઉદ્યોગપતિઓને આકર્ષવા કે પર્યટકોને આકર્ષવા કે પછી 'ગુજરાતના એવા બીમાર નાગરિકો કે જેમની તબિયત દારૂ પીવાથી જ સારી જળવાય', એમના માટે દારૂબંધી હળવી કરતી હોય ત્યારે ગાંધીનું કે ગુજરાતનું નામ લજવાતું નથી!

મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદી(જે ગૃહમંત્રી પણ હતા) ૨૫ જુલાઈ ૨૦૦૬ના રોજ સરકારી પરિપત્ર બહાર પાડીને નશાબંધી અમલીકરણની કામગીરી નશાબંધી અને આબકારી ખાતા પાસેથી લઈને પરત પોલીસ ખાતાને એ સુપરત કરે છે. એ પરિપત્રમાં જણાવ્યું હતું : "ગુજરાત રાજ્યના અસ્તિત્વથી તા. ૩૦-૪-૧૯૯૭ સુધી નશાબંધી અમલીકરણની કામગીરી ગૃહ વિભાગ નીચેના પોલીસ ખાતા દ્વારા કરવામાં આવતી હતી. તા. ૩૦-૪-૧૯૯૭થી આ કામગીરી માટે નશાબંધી અને આબકારી ખાતું અલગથી ઊભું કરવામાં આવેલ. આ કામગીરી નશાબંધી અને આબકારી ખાતા પાસેથી પરત લઈને પોલીસ




મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર હસ્તક મૂકવાની બાબત કેટલાક સમયથી સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી." તાત્કાલિક અસરથી દારૂબંધીને લગતા ગુન્હા શોધવા અને તેના પર તપાસ કરવી, દરોડા પાડવા, ધરપકડ કરવી, મુદ્દામાલ જપ્ત કરવો અને કોર્ટમાં કેસો મૂકવા વગેરેની કામગીરી પોલીસ ખાતા હેઠળના મહેકમ દ્વારા કરવાના આદેશ થયા.

પરિપત્રમાં ૩૦ એપ્રિલ ૧૯૯૭થી નશાબંધી અને આબકારી ખાતું અલગથી ઊભું કરવામાં આવ્યાના શબ્દો અમને એ વેળાના મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાને પૂછવા પ્રેરે એ સ્વાભાવિક હતું. વાઘેલા કહેઃ "નશાબંધી અને આબકારી ખાતું પહેલાં હતું જ. પોલીસ તંત્ર દારૂના અડ્ડાઓને ચલાવવામાં અને હપ્તાબાજીના ભ્રષ્ટાચાર માટે નામચીન હોવાથી મેં નશાબંધી અને આબકારી ખાતાને નશાબંધી અમલીકરણની જવાબદારી સોંપીને કુલદીપ શર્મા જેવા કડક કાર્યવાહી કરવા માટે જાણીતા એવા પોલીસ અધિકારીને એ માટેની જવાબદારી આપી નિયુક્ત કર્યા હતા. ભાજપ સરકારે નીતિમાં ફેરફાર કેમ કર્યો એ સમજી શકાય છે."

ગુજરાત સરકારના ગૃહ વિભાગ હેઠળના નશાબંધી અને આબકારી ખાતાના નિયામક તરીકે ન્યૂ મેન્ટલ હૉસ્પિટલ બિલ્ડિંગ, અસારવા ખાતે બેસતા આઈ.એસ.એસ. અધિકારી બી.કે. કુમાર અને તેમના નાયબ નિયામકો તેમજ રાજ્યભરના અધિકારીઓના કાફલાની વિગતો વેબસાઈટ દર્શાવે છે. આ જ વેબસાઈટ પર સરકાર તરફથી ભારતના બંધારણના અનુચ્છેદ(કલમ) ૪૭ને મૂકીને એ જોગવાઈને મૂતિમંત કરવા ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ અમલમાં મૂકવામાં આવ્યાનું જણાવાયું છેઃ "રાજ્યો, પ્રજાના પોષણના સ્તર અને જીવન ધોરણને ઊંચે લઈ જવા માટે જાહેર આરોગ્ય સુધારણાને પોતાની પ્રાથમિક ફરજો પૈકીની એક ગણશે અને રાજ્યો ખાસ કરીને હાનિકારક એવાં નશાકારક પીણાં અને નશાકારક દવાઓ ઉપર પ્રતિબંધ મકવાની દિશામાં પ્રયાસો કરશે." "મહાત્મા ગાંધી નશાબંધીના

**અનુસંધાન પાના નં. ૫ પર**

# સ્ત્રી-પુરુષના સંબંધોમાં અને પુત્રી-પુત્રવધૂને આવકારવામાં પણ નવો દૃષ્ટિકોણ વિકસાવશું તો જ સાચ્ચોસાચ મોર્ડન બની શકીશું

'કન્યાદાન' -
જાઓ મેં નહિ માનતી ઈસે
ક્યોંકી મેરી બેટી કોઈ ચીજ નહીં,
જિસકો દાન મેં દે દૂં;
મૈં બાંધતી હૂં બેટી તુમ્હે એક પવિત્ર બંધન મે,
પતિ કે સાથ મિલકર નિભાના તુમ,
મૈં તુમ્હેં અલવિદા નહીં કહ રહી,
આજ સે તુમ્હારે દો ઘર,
જબ જી ચાહે આના તુમ,
જહાં જા રહી હો,
ખૂબ પ્યાર બરસાના તુમ,
સબકો અપના બનાના તુમ,
પર કભી ભી,
ન મર મર કે જીના,
ન જી જી કે મરના તુમ,
તુમ અન્નપૂર્ણા, શક્તિ, રતિ સબ તુમ,
જિંદગી કો ભરપૂર જીના તુમ, ન તુમ બેચારી, ન અબલા,
ખુદ કો અસહાય કભી ન સમજના તુમ,
મૈં દાન નહીં કર રહી તુમ્હેં,
મોહબ્બત કે એક ઔર બંધન મેં બાંધ રહી હૂં,
ઉસે બખૂબી નિભાના તુમ... ***એક સોચ... એક પહલ.***




આજે નારીશક્તિ સફળતાના સર્વોચ્ચ શિખરો પર પોતાની જાતને સિદ્ધ કરી ચૂકી છે. પહેલાં રસોઈમાં માત્ર ગુજરાતી ખાવાનું બનાવીને પોતાની આખી જિંદગી પસાર કરી દેતી સ્ત્રી આજે ભાતભાતની અવનવી વાનગીઓ અને નેશનલ તેમજ ઈન્ટરનેશનલ ડીશ બનાવતી થઈ છે. પહેલા પતિ અને સાસુ-સસરાની સેવામાં જાતને ખોઈ બેસતી સ્ત્રી મમ્મી બન્યા પછી પણ પોતાની જાતને સુડોળ અને આકર્ષક રાખવા માટે પાર્લર અને જીમ જતી થઈ છે. નોકરી કરતી હોય તો તે રીતે અને ન કરતી હોય તો લાઈટના તથા મોબાઈલના બિલ ભરવાથી માંડી બાળકોને વિવિધ activities ના Class કરાવનારી સ્ત્રી દરેક પ્રકારે પતિની સાથે કદમ મિલાવીને ચાલતી થઈ છે. પણ આ તમામ સારી-સારી બાબતો પાછળનો કાળો અંધકાર આપણને ચોંકાવી મૂકે એવો છે. એટલે કે બાળકોને, પતિને, Friend Circle ને આ બધાને બહારથી stronge અને tough લાગતી સ્ત્રી આજે પણ અંદરથી એટલી જ કોમળ અને પ્રેમાળ છે.

આજના આ યુગમાં 'કન્યાદાન' શબ્દને પણ ફેરબદલ કરવાની જરુર છે. પોતાની લાડકી અને વ્હાલસોયી દીકરીને મા-બાપ એક નવી વિચારસરણી સાથે જ ઉછેરે છે તો કન્યાદાન માટે પણ આ નવી સોચ અને નવી પહેલ શા માટે ન કરવી? સમાજમાં આજે પણ સ્ત્રીઓના શોષણના અને દહેજ માટે તેને મારઝૂડ કરવાના દાખલા આપણે જોઈએ જ છીએ. ત્યારે આવા સમયે મા-બાપનું ઘર એ પોતાનું જ ઘર છે એમ માનીને જીવનની દિશાને એક નવો વળાંક આપી શકાય. સમાજ, દુનિયા કે લોકો શું કહેશે એ બાબતના ભયથી ઘણીવાર માતાપિતાને પોતાના કલેજાના ટુકડાને ખોઈ બેસવાનો સમય આવે છે. સ્ત્રી એ હંમેશા પુરુષ કરતાં કુટુંબ માટે વધુ ભોગ આપતી આવી છે અને એ પણ હસતા ચહેરે અને સંતોષપૂર્વક. તેને માત્ર એટલી અપેક્ષા હોય કે તેના આ નાના-મોટા કામોની નોંધ લેવામાં આવે અને પ્રશંસાના બે બોલ નહિ તો પ્રેમની અને પ્રશંસાની મીઠી નજર મળે. 'તારે ઘરમાં શું કામ હોય?' એ શબ્દો એને શૂળની જેમ કાળજે ઘા કરી જાય છે. નવા-નવા લગ્ન થયા હોય ત્યારે પોતાની જાતને પતિના ઘર પ્રમાણે એડજન્ટ કરવામાં એ એવી તો ખોવાઈ જાય છે કે એને પોતાની જાતનું, પોતાના અસ્તિત્વનું ભાન સુદ્ધાં રહેતું નથી. અને પછી જયારે પંદર-સોળ વર્ષ બાદ એની તંદ્રા તૂટે ત્યારે એને સમજાય છે કે એણે કરેલા એડજસ્ટમેન્ટે ઘરના તમામ વ્યક્તિઓને એવી ટેવ પાડી છે કે માત્ર 'તેણે' જ એડજસ્ટ કરવું જોઈએ. ત્યારે એનું હૈયું ભરાઈ આવે છે.

'હું, માનું છું
આ મકાન બનાવવામાં તારી, રાતદિવસની મહેનત હતી.
વર્ષોની કમાઈ હતી. આપણે જોડેલી પાઈ પાઈ,
જયારે રૂપિયામાં ફેરવાઈ, ત્યારે આ સ્વપ્ન ફળ્યું હતું.
હા, તારું ને મારું સહિયારું સ્વપ્ન.
યાદ છે ને ? શહેરની ગલીઓમાં ફરતાં,
ઊભાં રહી તાક્યા કરતાં. પછી, આપણાં સપનાંના મકાનની બે ઈંટ,
વધારે ચણતાં. મકાન માટે જમીનની શોધ
ખાતમુહૂર્તથી માંડીને મકાનના વાસ્તુ સુધી,
હું તારી સાથે જ તો હતી. પૈસાની ખેંચમાં જયારે કામ અટક્યું'તું,
ત્યારે મારાં ઘરેણાં કામ આવી ગયાં.
મકાન બહાર તારી નેમપ્લેટ મેં મારે હાથે જ,
હોંશે-હોંશે લગાવેલી. પછી મકાનને ઘર બનાવવામાં હું લાગી ગઈ.
'આંગણે તુલસી, વાવી, દરવાજે તોરણ લગાવ્યાં,
ઉંબરા પૂજ્યા, ચકલાંને રોજ ચણ નાખ્યાં,'
ક્યારામાં ફૂલોના રોપ રોપ્યા.
શરૂમાં સસ્તા સેલોમાં જઈ નાની-મોટી ઘરવખરી,
ખૂટતી ચીજો ખરીદી. ઘરે આવતાં સગાંવ્હાલાંઓને, મહેમાનોને,
જાત તોડી સાચવ્યાં, રીઝવ્યા. ઘરનો ખૂણે-ખૂણો જીવંત રાખ્યો.
દીવાલોયે હસતી રાખી. મકાન આજે પૂર્ણપણે ઘર બની ગયું છે.
ને આજે વર્ષો પછી તું મને કહે છે. ઘરની બહાર નીકળી જવા?
માત્ર એટલે જ, કે વરસો પછી મારા એકાદ-બે મિત્રોને
મેં ચા પીવા આમંત્ર્યા?
જૂના અને તૂટી ગયેલાં સોફા
તને પૂછ્યા વગર મેં બદલાવ્યા?
રસોડામાં કોઈને પૂછ્યા વગર મેં રજા રાખી?
રાત્રે સૂવામાં ડિસ્ટર્બ કરતા તમારા,
ટી.વી.ને બંધ કરવા માંગણી કરી?
ઘરનાં બધાં ખુરશી ઢાળીને આરામથી બેઠાં હોય
ત્યાં મેં મારા માટે ખુરશી માંગી?
થાકતાં મારાં તન-મન માટે મારા જ ઘરમાં, મેં થોડી સ્પેસ માંગી?
એકાદ વડીલની ચા બનાવવામાં કયારેક
થોડુંક મોડું થયું એટલે?
કે પછી મેં મારા માટે થોડું જીવવાનું શરું કર્યું એટલે?
મને ખબર નથી મારો ગુનો.
પણ તેં તો સજા આપી જ દીધી.
મારા જ ઘરની બહાર નીકળી જવાનો હુકમ ફરમાવી દીધો?
તો શું આ મારું ઘર ન હતું?
કે પછી આટલાં વર્ષોથી હું,
મારા જ ઘરમાં નજરકેદ હતી?'

**- સુચિતા કપૂર**

મોર્ડન કપડાં, મોર્ડન લાઈફસ્ટાઈલ આ બધાની સાથોસાથ સ્ત્રી-પુરુષના સંબંધોમાં અને પુત્રી-પુત્રવધૂને આવકારવામાં પણ નવો દૃષ્ટિકોણ વિકસાવશું તો જ સાચ્ચોસાચ મોર્ડન બની શકીશું.

**- nehalgadhavi101@gmail.com**